## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા પશુપાલકોને માર્ગદર્શન હેતુ ટેલીકોન્ફરન્સ યોજાઇ

પશુપાલકોને પશુઓને આપવાની થતી માવજતોને લગતા અનેક પ્રશ્નો સતાવતા હોય ત્યારે તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે તા. ૩-૪, માર્ચ ૨૦૨૧ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ દ્વારા આણંદ જીલ્લાના ખેડૂતો સાથે "પ્રાણી સારવાર માં ઘરગથ્થુ ઉપચાર" અને "ઉનાળા ઋતુમાં પશુઆહારનું આયોજન" વિષય પરત્વે માહિતીની ટેલીકોન્ફરન્સ દ્વારા આપલે કરવામાં આવી આ ટેલીકોન્ફરન્સ માં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. એચ. બી. પટેલ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. જી.જી. પટેલ તેમજ ઔષધીય અને વિષશાસ્ત્ર વિભાગના ડૉ. કમલેશ એ. સાદરીયા અને પશુપાલનના વૈજ્ઞાનિક ડો શ્રીકાંત બી કાટોલે દ્વારા પશુપાલકોને માર્ગદર્શન આપી તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું આ ટેલીકોન્ફરન્સ માટે રિલાયન્સ ફાઉન્ડેશનના રેનીષભાઈ ભરૂચવાલાએ આણંદ જિલ્લાના અલગ-અલગ ગામોના ૧૦૦ જેટલા ખેડૂતોને ટેલીકોન્ફરન્સથી એકસાથે જોડી માહિતી અને માર્ગદર્શન આપવામાં સહકાર્ય કરી સંકલન કર્યું વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. એચ. બી. પટેલ દ્વારા કાર્યક્રમની શરૂઆતમાં પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું. તેમણે જણાવ્યુ કે કોરોનાની પરિસ્થીતીમાં પશુપાલકો માટે આ બંને વિષયો ખુબજ અગત્યના હોવાથી ખેડુતો માટે ખુબ જ ઉપયોગી નિવડશે ત્યારબાદ ડૉ. કમલેશ એ. સાદરીયાએ પશુઓમાં થતી અલગ અલગ બીમારીઓ જેવીકે, અપચો, આફરો, આંચળ ફાટવા, લૂ લાગવી ઝાડા, હડકાયુ કૂતરુ કરડવુ ઝખમ, કથીરીનો ઉપદ્રવ, ચયા-પચય સંબંધીત રોગો વગેરે બીમારીઓની ઘરગથ્થુ સારવાર કેવી રીતે કરવી તે વિષેની વિસ્તૃતમા ચર્ચા કરી પશુપાલન વૈજ્ઞાનિક ડો. શ્રીકાંત કાટોલેએ પણ વિયાણ બાદ મેલી પડવા માટે તેમજ પશુઓની પ્રજનન ક્ષમતા વધારવા માટે ઘરગથ્થુ ઉપચારની ચર્ચા કરી. દુધાળા જાનવરોમાં થતા બાવલાના રોગને કેવી રીતે અટકાવી શકાય તેની જાણકારી આપી. તદુપરાંત તેઓએ ઉનાળાની ઋતુમાં દુધાળા પશુઓનું દુધ ઉત્પાદન જાળવી રાખવાની ગુરુ ચાવીઓ તેમજ ગરમીની ઋતુમાં મિનરલ મિક્સર અને પશુપોષણની આવશ્યકતા વિશે ચર્ચા કરી. ત્યાર બાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેવાતજ ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો. જી.જી. પટેલે, હાલની પરિસ્થિતિમાં પશુપાલન સ્વતંત્ર બિઝનેશ તરીકે ઉભરી આવેલ હોઇ, તથા પશુઓની કિંમતને ધ્યાને લઇને સારી રીતે પશુ માવજત કરવાથી થતા લાભા લાભ જણાવી ઓછા ખર્ચે સારુ વળતર મેળવવાના થયેલ સુચનો નોંધી તેના અમલવારી પરત્વે ભાર આપેલ. ત્યાર પછી ખેડૂતોના મુંઝવતાં પ્રશ્નોનું કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું આણંદ જિલ્લાના જુદા જુદા વિસ્તારના ૧૦૦ ખેડૂતોને આ ટેલીકોન્ફરન્સ માં ભાગ લઇ સફળ બનાવી તે માટે કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા અને વૈજ્ઞાનિકો દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો






Dr. K. A. Sadariya

